પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૨૩૪, કુલ પાના:૪, તારીખ: ૨૮-૦૫-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 234 PRICE :-RS. 1.50 DATE : 28-05-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## દેશમાં સળંગ ત્રીજા દિવસે કોરોના પોઝિટિવિટી રેટ ઘટીને ૧૦ ટકા નીચે

# છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨.૧૧ લાખ કેસ, ૨.૮૩ લાખ સાજા થયા

ન્યુ દિલ્હી,

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા આજે રજૂ કરાયેલા બુધવારના આંકડામાં મંગળવાના કેસની સરખામણીમાં સામાન્ય વધારો થયો છે. ગઈકાલે ૨.૮ લાખ કેસ નોંધાયા હતા જ્યારે પાછલા ૨૪ કલાકમાં ૨.૧૧ લાખ નવા કેસ નોંધાયા છે. જોકે, મૃત્યુઆંકમાં ૩૦૦ અંક જેટલો ઘટાડો નોંધાયો છે. એક્ટિવ કેસનો આંકડો ઘટીને ૨૫ લાખની અંદર આવી ગયો છે.




ભારતમાં કોરોનાના પાછલા ૨૪ કલાકમાં નવા ૨,૧૧,૨૯૮ નવા કેસ નોંધાયા છે, જ્યારે ૩,૮૪૭ લોકોના મોત થઈ ગયા છે. આ સિવાય વધુ ૨,૮૩,૧૩૫ દર્દીઓ સાજા થાય છે. વધુ ૨.૧૧ લાખ નવા કેસ સાથે ભારતમાં કોરોનાના કુલ કેસની સંખ્યા વધીને ૨,૭૩,૬૯,૦૯૩ થઈ ગઈ છે. કુલ મૃત્યુઆંક ૩,૧૫,૨૩૫ પર પહોંચી ગયો છે. વધુ ૨,૮૩,૧૩૫ દર્દીઓ ૨૪ કલાકમાં સાજા થતા ભારતમાં કોરોનાને હરાવીને સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા ૨,૪૬,૩૩,૯૫૧ થઈ ગઈ છે. સતત નવા કેસની સામે સાજા થનારા દર્દીઓની સંખ્યા ઊંચી નોંધાતી હોવાથી એક્ટિવ કેસ

### કોરોનાના દર્દીઓનો રિકવરી રેટ ૯૦% ને પાર, એક્ટિવ કેસ ઘટીને ૨૪,૧૯,૯૦૭ થયા, વધુ ૩૮૪૧ લોકોના મોત, રાહતની વાત એ છે કે ૨૬ રાજ્યમાં નવા કેસ કરતાં વધુ લોકો સાજા થયા

ઘટીને ૨૪,૧૯,૯૦૭ થઈ ગયા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે ભારતમાં ૨૬ મે સુધીમાં કુલ કોરોનાની રસીના ૨૦,૦૬,૬૨,૪૫૬ ડોઝ આપવામાં આવ્યા છે. જેમાંથી ૩૪% એવા નાગરિકો છે કે જેમની ઉંમર ૪૫ વર્ષથી ઓછી છે બાકી ૪૨% એવા છે કે જેમની ઉંમર ૬૦ વર્ષથી વધુ છે. આ નાગરિકોને કોરોનાની રસીનો પહેલો ડોઝ મળી ગયો છે. ગઈકાલના આંકડા પ્રમાણે ભારતે એક જ દિવસમાં કોરોનાના દર્દીઓની તપાસ માટે ૨૨.૧૭ લાખ નવા ટેસ્ટિંગ કરીને રેકોર્ડ બનાવ્યો હતો. આઈસીએમઆર મુજબ પાછલા ૨૪ કલાકમાં ૨૧,૫૭,૮૫૭ લોકોના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જ્યારે અત્યાર સુધીમાં કુલ ૩૩,૬૯,૬૯,૩૫૨ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

દેશમાં ૨૪ કલાકમાં ૩,૮૪૭ દર્દીના મોત થયા હતા જે પૈકી મહારાષ્ટ્રમાં ૯૯૨, કર્ણાટકમાં ૫૩૦, તમિલનાડુમાં ૪૭૫, ઉત્તર પ્રદેશમાં ૧૯૩, પંજાબમાં ૧૮૫, પશ્ચિમ બંગાળમાં ૧૫૩, કેરળમાં ૧૫૧, દિલ્હીમાં ૧૩૦, રાજસ્થાનમાં ૧૦૭ અને હરિયાણામાં ૧૦૬ મૃત્યુનો સમાવેશ થાય છે.

# આજથી રાજ્યના સૌરાષ્ટ્ર,મધ્ય અને દ.ગુજરાતમાં વરસાદની આગાહી

ગાંધીનગર,

રાજ્યમાં મે મહિનામાં સામાન્ય રીતે અંગ દઝાડતી ગરમી પડતી હોય છે પરંતુ આ વખતે વાવાઝોડાને કારણે વાતાવરણમાં પલટો આવ્યો છે. તે સાથે હવામાન વિભાગની આગાહી પ્રમાણે, રાજ્યનાં અનેક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતાઓ દર્શાવવામાં આવી છે. હવામાન વિભાગનાં જણાવ્યાં પ્રમાણે, સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદ વરસી શકે છે. આ ઉપરાંત શુક્રવારે સૌરાષ્ટ્ર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના અમુક સ્થળોએ



હળવો વરસાદ પડે તેવી શક્યતા છે.

મધ્ય પાકિસ્તાન અને તેને અડીને આવેલા પશ્ચિમ રાજસ્થાનમાં અત્યારે સાયકલોનિક સર્ક્યુલેશનની પરિસ્થિતિ છે. જેનાં કારણે ગુજરાતના ઘણાં વિસ્તારોમાં હવામાનમં પલટો આવ્યો છે. આ પરિસ્થિતિને કારણે આજે એટલે ગુરૂવારે અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ રહેશે. આ ઉપરાંત શુક્રવારે રાજ્યના અમુક વિસ્તારોમાં હળવો વરસાદ પડવાની શક્યતા છે. ચાર-પાંચ દિવસ સુધી આવાં વાતાવરણ બાદ ગરમીમાં ફરી વધારો થવાની આગાહી હવામાન વિભાગે કરી છે.

હવામાન વિભાગના અધિકારી મનોરમા મોહંતીએ આ અંગે જણાવતા કહ્યું કે, હાલમાં અરબી સમુદ્ર પરથી ભેજયુક્ત પવન આવી રહ્યાં છે. પવન, ભેજ અને બીજા પરિબળોના કારણે વરસાદને વરસવા માટેનો પુરવઠો મળી રહે છે. તેના કારણે આ વરસાદ વરસી રહ્યો છે. આ પ્રિ-મોન્સુન એક્ટિવિટી છે. જેના ભાગરૂપે વરસાદ વરસી રહ્યો છે. હવામાન ખાતાએ આગાહી કરતા કહ્યું કે, સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદ વરસી શકે છે. તે સિવાય બાકીના રાજ્યના અન્ય ભાગો અને કચ્છમાં આગામી ૨૪ કલાક સુધી વાતાવરણ સુક્કું રહેશે. ત્યારપછીના ૩થી ૪ દિવસ સુધી બેથી ત્રણ ડિગ્રી તાપમાનમાં ઘટાડો થશે.

### પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારો, મુંબઈમાં પેટ્રોલ ૧૦૦ રૂપિયાને પાર

# કોરોના કેર વચ્ચે મધ્યમ વર્ગને વધુ એક ફટકાર: પેટ્રોલ-ડિઝલના ભાવ આસમાને

ન્યુ દિલ્હી,

કોરોનાના કપરા કાળમાં મધ્મવર્ગને વધુ એક મોંઘવારીનો માર.પેટ્રોલ ડીઝલના ભાવમાં ફરીએકવાર વધારો થયો છે. આજે પેટ્રોલના ભાવમાં ૨૩ પૈસા અને ડીઝલના ભાવમાં ૩૦ પૈસાનો વધારો થયો છે. રાજકોટ, અમદાવાદ અને વડોદરા જેવા શહેરોમાં પેટ્રોલનો ભાવ ૯૦ રૂપિયા ૭૦ પૈસાએ પહોંચ્યો છે. તો ડીઝલનો ભાવ ૯૧ રૂપિયા ૧૦ પૈસા પર પહોંચ્યો છે.

મે મહિનામાં બાર વખત કરાયેલા ભાવ વધારાને લીધે એક લીટર પેટ્રોલના ભાવમાં બે રૂપિયાને




૮૧ પૈસાનો, જ્યારે ડિઝલમાં ત્રણ રૂપિયાને ૩૪ પૈસાનો વધારો થયો છે. રાજ્યોમાં પેટ્રોલ ડિઝલ પરના વેટના દર અલગ હોવાથી દરેક રાજ્યમાં પેટ્રોલ અને ડિઝલના ભાવ અલગ અલગ છે. રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રના કેટલાક શહેરોમાં પેટ્રોલનો ભાવ ૧૦૦ રૂપિયાને પાર પહોંચી ગયો છે. મુંબઈનો પેટ્રોલનો ભાવ ૧૦૦ રૂપિયા ચાર પૈસા છે.

મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્ય પ્રદેશના કેટલાક અન્ય શહેરમાં ૧૦૦ રૂપિયા પ્રતિ લિટર પેટ્રોલ પહોંચી ગેયું છે. પ્રીમિયમ પેટ્રોલની કિંમત વિતેલા મહિને જ ૧૦૦ રૂપિયા પ્રતિ લિટરને પાર કરી ગઈ હતી.

વૈશ્વિક સ્તર પર ક્રૂડ ઓઈલની કિંમત ફરીથી વધીને ૬૯ ડોલર પ્રતિ બેરલે પહોંચી ગઈ છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ હજુ પણ કિંમત વધારી શકે છે. અમેરિકામાં પ્રતિબંધો ઘટાડવામાં વિલંબ થવાને કારણે અને ઓઈલ માર્કેટમાં ઈરાનની ફરી એન્ટ્રી બાદ વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલની કિંમત સ્થિર રહેવાની ધારણા છે.

## ગુજ. આરોગ્ય વિભાગનો મોટો નિર્ણય: દરેક જિલ્લામાંથી મળી શકશે મ્યુકરના ઈન્જેક્શન

અમદાવાદ,

ગુજરાતમાં કોરોનાની બીજી લહેરના પ્રકોપ વચ્ચે મ્યુકોરમાઈકોસિસના કેસોમાં વધારો થયો છે. અને મ્યૂકરમાઈકોસિસના ઈન્જેક્શનની અછત વર્તાઈ છે. તેવામાં હવે સરકાર દ્વારા મોટો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં હવે રાજયના દરેક જિલ્લામાં મ્યુકરમાઈકોસિસના ઈન્જેક્શન મળશે. આ માટે ગુજરાતના ૩૩ જિલ્લાની સરકારી હોસ્પિટલોને સત્તા આપવામાં આવી છે.

ગુજરાતમાં કોરોના બાદ મ્યુકરમાઈકોસિસની બીમારીએ હાહાકાર મચાવ્યો છે. મ્યુકરમાઈકોસિસના કારણે અનેક લોકોનાં મોત નિપજ્યા છે. તો આંખ સહિતના અંગો કાઢી નાખવાની નોબત આવી છે. તેવામાં મ્યુકરમાઈકોસિસના કેસો વધતાં તેની સારવાર માટેના ઈન્જેક્શનની માગમાં ધરખમ ઉછાળો આવ્યો છે. અને તેને કારણે ડિમાન્ટ વધતાં ઈન્જેક્શનની અછત વર્તાઈ છે.

તેવામાં સરકાર દ્વારા મોટો નિર્ણય લેવામાં આવતાં હવે રાજયના દરેક જિલ્લામાં મ્યુકરમાઈકોસિસના ઈન્જેક્શન મળી શકશે. અને આ માટે રાજયના ૩૩ જિલ્લાની સરકારી હોસ્પિટલોને સત્તા આપવામાં આવી છે. સરકારી હોસ્પિટલોને કેન્દ્રના પોર્ટલ પર દાખલ વિગતના આધારે મ્યુકરમાઈકોસિસના ઈન્જેક્શન મળશે, તેમ જ ખાનગી હોસ્પિટલ જે – તે જિલ્લાની સરકારી હોસ્પિટલમાંથી મ્યુકરમાઈકોસિસના ઈન્જેક્શન મેળવી શકશે.

### હાર્દિક પટેલનો મુખ્યમંત્રીને પત્ર

## તાઉ-તે વાવાઝોડામાં અસરગ્રસ્ત થયેલ પશુપાલકો-માલધારીઓ માટે વિશેષ પેકેજ જાહેર કરો

અમદાવાદ,

ગુજરાતમાં તાઉ-તે વાવાઝોડાને લીધે સૌથી વધુ અસર ખેતી અને વીજ પુરવઠાને થઈ છે. વાવાઝોડાને લીધે બાગાયતી પાકો સંપૂર્ણ રીતે નાશ પામ્યાં છે. સૌરાષ્ટ્ર અને રાજ્યમાં ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદને કારણે પશુધન માટેનો ઘાસચારો પણ નાશ પામ્યો છે. ત્યારે કોંગ્રેસે સરકાર પાસે પશુપાલકો અને માલધારીઓ માટે સવિશેષ રાહત પેકેજની માંગ કરી છે. કોંગ્રેસના નેતા હાર્દિક પટેલે મુખ્યમંત્રી રૂપાણીને પત્ર લખીને માંગ કરી છે કે રાજ્યમાં કોરોનાના કારણે તમામ લોકો આર્થિક અને માનસિક રીતે હેરાન થયાં છે. હજી આવનારા દિવસોમાં પણ આવી જ પરિસ્થિતિને સહન કરવાની છે. બીજી તરફ તાઉ-તે વાવાઝોડામાં પશુપાલકો અને માલધારીઓને મોટુ નુકસાન થયું છે. કાચા મકાનો તુટી ગયાં છે. તેમની ઘરવખરી નાશ પામી છે. તેમજ પશુઓ માટેનો ઘાસચારો પણ વરસાદમાં પલળી ગયો છે. જેથી હાલમાં ચારેય બાજુથી આવનારી કુદરતી આપદાઓ સામે માલધારીઓ અને પશુપાલકો બેવડો માર સહન કરી રહ્યાં છે. જેથી તેમની માટે સવિશેષ રાહત પેકેજ જાહેર કરવામાં આવે.

### બ્લેક ફંગસના ભારતમાં ૧૧ હજારથી વધુ કેસ:

## અમેરિકાની કંપની ૧૦ લાખ ઈન્જેક્શન આપશે

ન્યુ દિલ્હી,

કોરોનાની બીજી લહેર વચ્ચે બ્લેક ફંગસના કારણે મુશ્કેલી વધી છે. દેશમાં અત્યાર સુધીમાં બ્લેક ફંગસના ૧૧,૦૦૦ કરતા પણ વધારે કેસ નોંધાઈ ચુક્યા છે. બ્લેક ફંગસની સૌથી વધારે અસર ગુજરાતમાં નોંધાઈ છે જ્યાં તેના ૨,૮૦૦ જેટલા કેસ છે જ્યારે મહારાષ્ટ્રમાં કેસની સંખ્યા ૨,૭૦૦ છે. આંધ્ર પ્રદેશમાં ૭૦૦ દર્દીઓ બ્લેક ફંગસનો સામનો કરી રહ્યા છે જ્યારે દેશની રાજધાની દિલ્હીમાં પણ બ્લેક ફંગસના ૬૨૦ દર્દીઓ છે.

બ્લેક ફંગસના કેસ વધી રહ્યા હોવાથી તેની સારવાર માટેના ઈન્જેક્શનની પણ તંગી નોંધાઈ છે. વડાપ્રધાન મોદીએ બ્લેક ફંગસની સારવાર માટેના એમ્ફોટેરિસિન ઈન્જેક્શન કોઈ પણ જગ્યાએથી ઉપલબ્ધ કરવા આદેશ આપ્યો છે. આ કારણે સ્વાસ્થ્ય વિભાગે અનેક દેશોનો સંપર્ક સાધ્યો હતો અને જાણવા મળ્યા મુજબ અમેરિકા સ્થિત ગિલિયડ સાયન્સીઝ બોર્ડ ભારતને વેક્સિન સપ્લાય પૂરો પાડવા આગળ આવ્યું છે.

અત્યાર સુધીમાં એમ્ફોટેરિસિન ઈન્જેક્શનની ૧,૨૧,૦૦૦થી પણ વધારે શીશીઓ ભારત પહોંચી ચુકી છે. જ્યારે અન્ય ૮૫,૦૦૦ શીશીઓ રસ્તામાં છે. જાણવા મળ્યા મુજબ અમેરિકી કંપની આશરે ૧ મિલિયન ડોઝ પૂરા પાડશે. આ જ રીતે બાકીના દેશોનો સંપર્ક પણ સાધવામાં આવી રહ્યો છે. સરકાર બ્લેક ફંગસ સામેની લડાઈમાં દવા કે ઈન્જેક્શનની તંગી ન આવે તે માટે પ્રયત્ન કરી રહી છે.

## ગંભીર ગુનામાં જ સોશિયલ મીડિયાના મેસેજ તપાસાશે: સરકાર

ન્યુ દિલ્હી,

સરકારે નવા આઈટી કાયદાના સંબંધમાં સ્પષ્ટતા કરી હતી કે અમે પ્રાઈવસીના અધિકારને હાનિ પહોંચાડવા નથી માગતા અને ‘બહુ જ ગંભીર ગુના’માં જ સોશિયલ મીડિયા પરના વાંધાજનક સંદેશાને મોકલનારી મૂળ વ્યક્તિની તપાસ થશે. સરકારે સોશિયલ મીડિયાની મોટી કંપનીઓને નવા ડિજિટલ કાયદાને અનુસરવા લેવાયેલા પગલાંની સ્થિતિ અંગે તાત્કાલિક જાણકારી આપવાનો આદેશ આપ્યો હતો.

માહિતી તંત્રજ્ઞાન (આઈટી) મંત્રાલયે વૉટ્સઍપ દ્વારા દિલ્હી વડી અદાલતમાં કરાયેલા કેસને કમનસીબ ગણાવ્યો હતો.

તેણે જણાવ્યું હતું કે યુકે, અમેરિકા, ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલેન્ડ અને કેનેડામાં પણ સોશિયલ મીડિયા માટે ભારતથી વધુ કડક કાયદા છે.

તેણે જણાવ્યું હતું કે સરકાર વ્યક્તિના પ્રાઈવસીના અધિકારને બંધારણમાં અપાયેલો મૂળભૂત હક ગણે છે. વૉટ્સઍપની કંપની સરકારની માર્ગદર્શિકા અંગે બધાને ગેરમાર્ગે દોરી રહી છે.

નવા આઈટી કાયદામાં સોશિયલ મીડિયા કંપનીને સંદેશો, ખાસ કરીને વાંધાજનક મેસેજ મોકલનારી મૂળ વ્યક્તિની ઓળખ જાહેર કરવી પડે એવી જોગવાઈ છે.

આ ઉપરાંત, સોશિયલ મીડિયા કંપનીએ બીભત્સ સાહિત્ય અને ફોટા આપમેળે કાઢી નાખવા પડશે.

## પ્રદર્શનકારીઓ લાલ કિલ્લાને વિરોધ કરવા માટેનું એક નવું ઠેકાણું બનાવવા માગતા હતા

ન્યુ દિલ્હી,

કૃષિ કાયદાઓ વિરુદ્ધ ચાલી રહેલા ખેડૂત આંદોલન દરમિયાન ૨૬ જાન્યુઆરીએ લાલ કિલ્લા પર હિંસાના કેસમાં નવો ઘટસ્ફોટ થયો છે. દિલ્હી પોલીસના ચાર્જશીટ મુજબ પ્રદર્શનકારીઓનો હેતુ માત્ર લાલ કિલ્લા પર નિશાન સાહેબ અને ખેડૂત સંગઠનના ધ્વજને ફરકાવવાનો જ નહોતો, પરંતુ તેઓ લાલ કિલ્લાને કૃષિ કાયદાઓનો વિરોધ કરવા માટેનું એક નવું ઠેકાણું બનાવવા માગતા હતા.

લાલ કિલ્લા પર થયેલી હિંસાના કાવતરાની સંપૂર્ણ માહિતી ચાર્જશીટમાં જણાવવામાં આવી છે. એમાં કહેવામાં આવ્યું છે કે પોલીસે હરિયાણા અને પંજાબમાં ડિસેમ્બર ૨૦૨૦ અને ડિસેમ્બર ૨૦૧૯માં ખરીદવામાં



આવેલાં ટ્રેક્ટરોના આંકડાઓને તપાસવામાં આવ્યા હતા. આ તપાસમાં સામે આવ્યું હતું કે ડિસેમ્બર ૨૦૧૯ની સરખામણીએ ગયા વર્ષે પંજાબમાં ટ્રેક્ટરોની ખરીદી ૯૫% વધી ગઈ હતી. આ દરમિયાન ખેડૂત આંદોલન પીક પર હતું.

૩,૨૩૨ પેજના ચાર્જશીટમાં દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે પ્રદર્શનકારીઓએ પહેલેથી જ રચવામાં આવેલા કાવતરાને કેવી રીતે અંજામ આપ્યો હતો. પોલીસનું કહેવું છે કે લાલ કિલ્લામાં ઘૂસેલી ભીડનો હેતુ એ હતો કે કિલ્લાને પોતાના આંદોલનનું નવું ઠેકાણું બનાવીને ત્યાંથી જ આંદોલનને આગળ વધારવામાં આવે. લાલ કિલ્લા પર નિશાન સાહેબ અને ખેડૂત સંગઠનના ઝંડો ફરકાવવા માટે આરોપીઓએ જાણીજોઈને ગણતંત્ર દિવસની પસંદગી કરી હતી, જેથી રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાએ સરકારને નીચું જોવું પડે.

હિંસાના કાવતરાનો પ્લાન જાણવા માટે પોલીસે દર મહિને પંજાબ-હરિયાણામાં ટ્રેક્ટર અને મિકેનિઝેશન એસોસિયેશનને ટ્રેક્ટરના વેચાણ માટેના આંકડા આપવા માટે કહ્યું હતું. એસોસિયેશન પાસેથી મળેલા આંકડાથી જાણવા મળ્યું છે કે નવેમ્બર ૨૦૧૯ની તુલનામાં નવેમ્બર ૨૦૨૦માં પંજાબમાં ટ્રેક્ટરોની ખરીદીમાં ૪૩.૫૩%નો વધારો થયો હતો. એવી જ રીતે જાન્યુઆરી ૨૦૨૦ની તુલનામાં જાન્યુઆરી ૨૦૨૧માં ટ્રેક્ટરના વેચાણમાં ૮૫.૧૩%નો વધારો થયો હતો.

# એન્ટિગુઆએ ડોમિનિકા સરકારને મેહુલ ચોકસીને ભારત સોંપવાનો અનુરોધ કર્યો

ન્યુ દિલ્હી,

પીએનબી કૌભાંડના આરોપી અને ભાગેડુ હીરાના વેપારી મેહુલ ચોકસી કયુબાથી ભાગતા સમયે રસ્તામાં ડોમિનિકામાં પકડાઈ ગયો છે. મેહુલ ચોકસી ૨૩મી મેના રોજ સાંજે એન્ટિગુઆ સ્થિત પોતાના ઘરેથી ગુમ થઇ ગયો હતો. ત્યારબાદ તેના ગુમ થયાનો રિપોર્ટ પણ નોંધાયો હતો. જો કે તેને ઓળખતા કોઈ એક શખ્સે દાવો કર્યો હતો કે તેઓ કયુબા ભાગી ગયા છે.



મેહુલ ચોકસીની પાસે એન્ટિગુઆની નાગરિકતા છે અને તેને ડોમિનિકાએ પકડયો છે. મેહુલ ચોકસીની કરતૂતોથી એન્ટિગુઆ સરકાર એટલી બધી પરેશાન છે કે તેમણે ડોમિનિકાની સરકારને મેહુલ ચોકસીને ભારત સોંપવાનો અનુરોધ કરી દીધો છે. જો આમ થયું તો નીરવ મોદી પહેલાં મેહુલ ચોકસી ભારત આવી શકે છે.

સરકારના સૂત્રોનું કહેવું છે કે જે સમયે મેહુલ ચોકસીને પકડયો એ સમય તે એન્ટિગુઆમાં નહોતો અને તે ડોમિનિકાનો નાગરિક નથી. કારણ કે ઈન્ટરપોલની તરફથી મેહુલ ચોકસીની વિરૂદ્ધ રેડ કોર્નર નોટિસ રજૂ કરાઈ છે આથી ડોમિનિકાની સરકાર સીધી તેને ભારતને સોંપી શકે છે.

મેહુલ ચોકસી એન્ટિગુઆનો નાગરિક છે અને તે પાણીના રસ્તે ભાગવાની ફિરાકમાં હતો પરંતુ જેવો તે ડોમિનિકા પહોંચ્યો તેને અધિકારીઓને પકડી લીધો. સૂત્ર બતાવે છે કે ડોમિનિકામાં ડિટેન કર્યા બાદથી જ ભારતીય એજન્સીઓ અને અધિકારી તેને ભારત પાછા લાવવાનો વિકલ્પ શોધી રહ્યા છે.મ મેહુલ ચોકસીના ડિટેંશન અંગે સીબીઆઈને પણ ઈન્ટરપોલથી માહિતી મળી છે.

## મહીસાગર જિલ્લામાં આજે ૨૮ પોઝિટિવ કેસ :
# જિલ્લામાં કોરોનાના કુલ ૭૩૩૧ પોઝીટીવ કેસ નોંધાયા



**મહીસાગરમાં આજે કોરોનાના કેસની સંખ્યા**

બાલાસીનોર-૦૫
ખાનપુર-૦૩
લુણાવાડા-૧૩
સંતરામપુર-૦૪
વિરપુર-૦૩

લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાના–૦૨ સ્ત્રી અને ૦૩ પુરૂષના, ખાનપુર તાલુકાના ૦૩ પુરૂષના, લુણાવાડા તાલુકાના–૦૫ સ્ત્રીના અને ૦૮ પુરૂષના, સંતરામપુર તાલુકાના–૦૧ સ્ત્રીના, ૦૩ પુરૂષના અને વિરપુર તાલુકાના ૦૩ પુરૂષના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૭–૦૫–૨૦૨૧ના સાંજના ૫–૦૦ વાગ્યા સુધીમાં ૭૩૩૧ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની–૦૫ સ્ત્રી, ૧૦ પુરૂષ, કડાણા તાલુકાની–૦૫ સ્ત્રી, ૦૩ પુરૂષ, ખાનપુર તાલુકાની–૦૫ સ્ત્રી, ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાની–૨૬ સ્ત્રી, ૨૬ પુરૂષ, સંતરામપુર તાલુકાની–૧૦ સ્ત્રી, ૨૨ પુરૂષ અને વિરપુર તાલુકાની ૦૪ સ્ત્રી અને ૦૪ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૬૭૮૧ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/કોરોનાના કુલ ૨૩૯૧૫૮ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૨ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા ખાતે, ૧૭૧ દર્દી હોમઆઈસોલેશનમાં, ૨૨ દર્દી એસ.ડી.એસ. સંતરામપુર ખાતે, ૪૭ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૨૨૫ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ, મહીસાગર ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૮૨ દર્દીઓ સ્ટેબલ, ૮૮ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૭ દર્દીઓ વેન્ટીલેટર પર છે.

## વેક્સિન લીધી હોય તેવા પ્રત્યારોપણ કરાયેલા દર્દીઓએ કોવીડ ચેપને લઈને
# જાગૃત રહેવાની સાથે સાવચેત રહેવું પણ એટલું જ જરૂરી : કિડની ઈનસ્ટિટ્યુટ

લુણાવાડા,

ઈન્સ્ટિટ્યુટ ઑફ કિડની ડિસીસ એન્ડ રિસર્ચ સેન્ટર (આઈકેડીઆરસી) એક નિવેદનમાં જણાવ્યું છે કે, કોવિડ વેક્સિનના બન્ને ડોઝ લીધા બાદ પણ પ્રત્યારોપણ કરાયેલા દર્દીઓએ કોવિડ એપ્રોપાઈટ બિહેવીયરનું કડક પાલન કરવું જોઈએ.

ઓક્સફોર્ડ એસ્ટ્રાઝેન્કા કોવિડ–૧૯ વેક્સિન બાદ પોસ્ટ–રેનલ ટ્રાન્સપ્લાન્ટના દર્દીઓમાં કોવિડ–૧૯ નામના અભ્યાસના પરિણામો બાદ ચેપથી બચવા માટે દર્દીઓને સાવચેતીભર્યા સુરક્ષાત્મક પ્રોટોકોલને હળવી રીતે ન લેવાની સલાહ આપવામાં આવી છે. કોવિડ વેક્સિનના બન્ને ડોઝ લીધા બાદ કિડની પ્રત્યારોપિત દર્દીઓમાં રોગપ્રતિકારક શકિતના પ્રતિભાવનો અભ્યાસ કરવા માટે આઈકેડીઆરસી દ્વારા આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

આ અભ્યાસથી બહાર આવ્યું છે કે કોવિડ–૧૯ વેક્સિન પ્રત્યારોપિત દર્દીઓમાંથી એક તૃતિયાંશમાં વેક્સિન અસરકારક જોવા મળી નથી. જ્યારે અભ્યાસ હેઠળના ૨૫ ટકા દર્દીઓમાં ધારણા કરતા નીચા સ્તરે જોવા મળ્યા છે. જોકે, વિશાળ સંખ્યામાં દર્દીઓ માટે તેની અસરકારકતાની પુષ્ટિ કરતા ૫૦ ટકા દર્દીઓમાં વેક્સિન સંપૂર્ણ અસરકારક હોવાનું જણાયું હતું.

પોસ્ટ–ટ્રાન્સપ્લાન્ટ કિડની દર્દીઓમાંથી એક–તૃતિયાંશમાં એન્ટિ–બોડી ફોર્મેશનના અભાવ માટે એકમાત્ર કારણ ઈમ્યુનોસપ્રેસન્ટ દવાઓ છે. તેમ આઈકેડીઆરસી–આઈટીએસના ડિરેક્ટર અને અભ્યાસ જૂથના સભ્ય ડો. વિનીત મિશ્રાએ જણાવ્યું હતુ. અભ્યાસમાં આવરી લેવાયેલા પ્રત્યારોપિત દર્દીઓમાં હાયપરટેન્શન અને ડાયાબિટિશ જેવી કો–મોર્બેડિટિસ ધરાવતા ૪૬થી ૭૧ વય જૂથના દર્દીઓનો સમાવેશ થતો હતો. આ દર્દીઓમાંથી ૫૦ ટકામાં વેક્સિન હજુ પણ અસરકારક છે. જોકે, પ્રત્યારોપણ કરાયેલા દર્દીઓ માટે કોવિડ વેક્સિન ડોઝની સંખ્યા સૂચવવી તે ભવિષ્યના સંશોધનનો વિષય છે. તેમ ડો. મિશ્રાએ વધુમાં જણાવ્યું હતું. ગત વર્ષે મહામારી ફાટી નીકળી ત્યારથી અત્યાર સુધી આઈકેડીઆરસીએ ૩૦૦થી વધુ કોવિડ પોઝિટિવ ટ્રાન્સપ્લાન્ટેડ દર્દીઓની ૧૦ ટકા મૃત્યુદર સાથે સારવાર કરી છે.

અભ્યાસ એ વાસ્તવિકતા પર ભાર મૂકે છે કે કિડની ટ્રાન્સપ્લાન્ટ પ્રાપ્તકર્તાઓ વેક્સિનેશન બાદ પણ કોવિડ–૧૯ માટે વધુ જોખમ ધરાવે છે અને તેથી જ, રોગના ચેપને રોકવા માટે સલામતીના પગલા જાળવી રાખવા જોઈએ. કોવિડ–૧૯ માટે એક ચોક્કસ ઉપચાર શોધવાની પણ ખાસ જરૂર છે. કારણ કે પ્રત્યારોપણ કરાયેલા દર્દીઓમાં વેકિસનની અસરકારકતાનો અહેવાલ ચિંતાજનક છે. અભ્યાસના ભવિષ્યના સૂચિતાર્થોએ વેક્સિન લીધી હોય તેવા દર્દીઓના પરિણામો, વિવિધ રસીઓની અસરકારકતા, ડોઝ, શેડ્યુલ્સ, સેરો–પ્રોટેક્શન લેવલ અને કિડની પ્રાપ્તકર્તાઓમાં એન્ટિબોડી ટકાઉપણું અંગેના અહેવાલ સાથે વધુ સંશોધન કરવાની જરૂરિયાતને પ્રકાશિત કરી છે. અભ્યાસની વિગતો યુએસ સ્થિત અમેરિકન જર્નલ ઑફ ટ્રાન્સપ્લાન્ટેશન સાથે પ્રકાશન માટે વહેંચવામાં આવી છે.

જોકે, કોવિન એપ્લિકેશને હવે રોગપ્રતિકારક શક્તિના સ્તરમાં વધારો કરવાના હેતુસર ૮૪ દિવસ પછી બીજા ડોઝ માટે બુકિંગની મંજૂરી આપી છે. બે ડોઝ વચ્ચેના અંતરને વધારી દેવામાં આવ્યું છે. જે પ્રત્યારોપણ પ્રાપ્તકર્તાઓ સહિત સામાન્ય વસ્તીમાં એન્ટીબોડી લેવલ્સ (અસરકારકતા)માં વધારશે. તેમ ડો. મિશ્રાએ જણાવ્યું હતું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૨૮-૦૫-૨૦૨૧, શુક્રવાર, વૈશાખ વદ બીજ, સૂર્યોદય-૫-૨૪, સૂર્યાસ્ત-૭-૧૨, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : ધન (ભ.ફ.ધ.ઢ.), નક્ષત્ર: મૂળ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | -શુભ ચોઘડીયા-<br>અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

# સંતરામપુર નગરના ગોધરા ભાગોળ વિસ્તારમાં ગટર લાઈનની કામગીરી ખોરંભે



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર નગરના ગોધરા ભાગોળ વિસ્તારમાં ગત વર્ષે લોકડાઉન દરમિયાન મુખ્ય માર્ગની વરસાદી પાણીના નિકાલ માટેની ગટર ચોકઅપ થઈ જતા નગરપાલિકા દ્વારા આ ગટરની ખોદી નાખવામાં આવેલી હતી, પરંતુ બે વર્ષ વિતવા છતાંય હજુ સુધી કામગીરી પૂર્ણ કરવામાં આવી નથી. નગરપાલિકા તંત્રની નિષ્કાળજીના કારણે સંતરામપુરના નાગરીકો બે વર્ષથી હાલાકી ભોગવી રહ્યા છીએ. ગટરની બંને બાજુ મોટા ખાડા ખોદીને ટ્રાફિક સ્ટેન્ડ મૂકી દેવા માં આવેલું છે, આના કારણે વાહનચાલકોને છેલ્લા બે વર્ષથી મુશ્કેલી ઊભી થઈ છે. વારંવાર ટ્રાફિક સમસ્યા ઊભી થતી હોય છે. નાના–મોટા અકસ્માત સર્જાતા હોય છે. ચોવીસે કલાક આ મુખ્ય રસ્તો દરેક નાગરીકોને આવવા–જવા માટેનો સતત ધમધમતો અને ચાલુ રહેતું હોય છે. આ અંગેની નગરપાલિકામાં સ્થાનિક રહીશોએ વારંવાર રજૂઆત કરવા છતાં પરંતુ નગરપાલિકાનું પેટનું પાણી પણ હલતું નથી. નગરપાલિકા દ્વારા નાગરિકોને સુવિધા પૂરી પાડવામાં નિષ્ફળ ગઈ છે. આ માર્ગ ઉપર નાના મોટા વાહનો વાહનચાલકો તમામ માટે આ એક જ મુખ્ય રસ્તો હોય છે, પરંતુ લોકડાઉન દરમિયાન તેને ખોદી નાખીને હજુ સુધી મરામત કરવામાં આવેલ નથી. સંતરામપુરના નાગરિકો માટે અને રાહદારીઓ માટે નગરપાલિકા તંત્ર ચૂંટાયેલા સભ્યો પ્રમુખ તમામ પોતાની જવાબદારીથી નિભાવી નથી અને વહીવટી કામગીરીમાં સંતરામપુરના નાગરિકોની સમસ્યા હલ કરવામાં અને તેમની કામગીરી કરવા માટે નિષ્ફળ ગઈ છે. બે વર્ષથી આવી સામાન્ય કામગીરી કરવા તૈયાર નથી. આ મુખ્ય માર્ગની બસ સ્ટેન્ડ ચાર રસ્તા પાસે તાકીદે ગટરની કામગીરી પૂર્ણ કરે તેવી સંતરામપુર નગરજનો અને નાગરિકોની માંગ ઊભી થઈ છે.

## ડાકોર મંદિરની ૨૦૦ વર્ષ જૂની પરંપરા તૂટી
# સેવકે સાત મહિલાઓને નિજ મંદિરમાં પ્રવેશ કરાવી દર્શન કરાવતા વિવાદ



નડિયાદ,

યાત્રાધામ ડાકોરમાં ભગવાનના ગર્ભગૃહમાં સાત મહિલા સાથે વારાદારી સેવકના પ્રવેશને લઈ વિવાદ થયો છે. સવારના સમયે નિજ મંદિરમાં પ્રવેશી રહેલા સેવકને નોકરી પર હાજર પટાવાળાએ રોકવાનો પ્રયાસ પણ કર્યો હતો, પરંતુ તેને ધક્કો મારી મહિલાઓ સાથે સેવકે નિજ મંદિરમાં પ્રવેશ કર્યો હતો તેમજ ભગવાનનાં ચરણ સ્પર્શ કરતાં સમગ્ર મામલો પોલીસ મથક સુધી પહોંચ્યો છે.

ડાકોર મંદિર ટ્રસ્ટ તરફથી પોલીસને આપેલી એક અરજીમાં ઉલ્લેખ કરાયો છે કે પરેશભાઈ રમેશચંદ્ર સેવક નામની વ્યક્તિએ આજે સવારના સમયે ૭ મહિલા સાથે રાજા રણછોડના નિજ મંદિરમાં પ્રવેશ કર્યો હતો. એટલું જ નહીં, આ વ્યક્તિએ મંદિર નીતિ-નિયમો વિરુદ્ધ જઈ મહિલાઓને ઠાકોરજીનાં ચરણ સ્પર્શ કરાવ્યા હતા. આ ટેમ્પલ કમિટીના નીતિ-નિયમ વિરુદ્ધનું કૃત્ય વારાદારી સેવકે કરીને પંરપરાના ધજાગરા ઉડાળ્યા છે. મળેલી અરજી અનુસંધાને પોલીસે સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સમગ્ર વિવાદ જેને કારણે ઊભો થયો છે તે પરેશભાઈ રમેશચંદ્ર સેવકે જણાવ્યું હતુ કે આજે અમારા પરિવારનો સેવાનો વારો હતો. અમારો વારો હોય ત્યારે હું મારા પરિવારના કોઈપણ સભ્ય દર્શન કરવા લઈ જઈ શકું છું. મારા વારાદારીઓ કે સેવકો કોઈને કશું પૂછવાનું હોતું નથી. અમે અમારા પરિવારના સભ્યોને નિજ મંદિરમાં લઈ જઈ શકીએ છીએ. જેમને હું મારી સાથે લઈ ગયો હતો એ મારી પત્ની અને મારા ભાભી સહિતનાં પરિવારના સભ્યો હતાં.

## રોજી માટે રઝળપાટ : દાહોદમાં ગરીબની મજબુરી પણ
# રાજયની આવકમાં વધારો કરવા માટે કારણભુત પુરવાર થઈ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લાના બસ ડેપો બારમાસી નફો રળી આપે છે. કારણ કે દાહોદ સહિતના ત્રણ ડેપો પરથી રોજી રોટી માટેના રઝળપાટ અવિરત ચાલતો જ રહે છે. કોરોના કાળમાં પણ દાહોદ ડેપો પર ભીડ જામી રહી છે. ત્યારે આશ્ચર્ય એ વાતનું છે કે અહીંથી વધારાના રૂટ શરૂ કરવા પડ્યા છે. તેને કારણે ડેપોની રોજીંદી આવક પણ વધી ગઈ છે.

દાહોદ જિલ્લામાં ૭૫ ટકા વસ્તી આદિવાસીઓની છે અને તેમનો મુખ્ય વ્યવસ્યાય આમ તો ખેતી છે. પરંતુ તેમની પાસે મોટા કદની જમીનો ન હોવાથી નાની ખેતી કરે છે. તેમાંયે એક પણ મોટી સિંચાઈ યોજના નથી કે બારે માસ ખેતીને પાણી મળી રહે. જેથી માત્ર ચોમાસુ અને શિયાળુ પાક જ લેવામાં આવે છે. આમ ખેતીમાં એટલું વળતર ન હોવાથી ગરીબોએ શ્રમકાર્યને જ સ્વીકારી લીધુ છે. ત્યારે તેમાંયે ઘર આંગણે ભલીવાર આવે તેમ નથી. કારણ કે એક પણ મોટો ઉદ્યોગ વિકસી શક્યો નથી.

### દાહોદ ડેપોની રોજિંદી આવકમાં વધારો થયો

આમ એક તરફ દાહોદ જિલ્લાના ગરીબો માટે રોજી રોટી માટેનો રઝળપાટ વર્ષોથી અભિષાપ દાહોદ ડેપો માટે આશીર્વાદ સમાન છે. કારણ કે આ રઝળપાટને કારણે જ દાહોદ ડેપો નાંણાકીય નુક્સાન થતુ નથી અને હંમેશા ફાયદો જ થતો રહે છે. હાલમાં રાજ્યના અન્ય ડેપો પર વધુ મુસાફરો જોવા મળતા નથી. ત્યારે દાહોદ ડેપોની રોજિંદી આવકમાં વધારો થયો છે. ડેપો મેનેજરનાં જણાવ્યા પ્રમાણે રોજના ૨ લાખ રૂપિયાની આવક વધી છે. ત્યારે એક ગરીબની મજબુરી પણ રાજ્યની આવકમાં વધારો કરવા માટે કારણભુત પુરવાર થઈ રહી છે.

### બસના ૧૦ રૂટ એક્સ્ટ્રા શરૂ કરવા પડ્યા

જેથી જિલ્લાની માનવ શક્તિ બીજા જિલ્લામાં જ કામે લાગી રહી છે. જેથી જિલ્લાના મહાનગરોમાં મજૂરી માટે જવા માટે દાહોદના બસ ડેપો પર રોજે રોજ ભીડ જામે છે. કોરોના કાળમાં કોઈ બીજાના ઘરે પણ જવામાં ભયભીત છે ત્યારે મજબુરીમાં જિલ્લાનો ગરીબ સપરિવાર રઝળપાટ કરી રહ્યો છે. વાહન વ્યવહાર વિભાગ પહોંચી નથી વળતો હોવાને કારણે હવે વધારાની બસો દોડાવવી પડી રહી છે. સત્તાવાર જાણકારી પ્રમાણે ૧૦ રૂટ એક્સ્ટ્રા શરૂ કરવા પડ્યા છે. જેમાં અમદાવાદ, ભુજ, સોમનાથ, જૂનાગઢનો સમાવેશ થાય છે. બસ ડેપો પણ છલો છલ છે. ત્યારે કોરોનાનો ભોગ બનવુ પડે તો પણ પેટનો ખાડો પુરવા અને પરિવારનું ભરણ પોષણ કરવા માનવીએ મજબુર થઈને સામે મોત દેખાતું હોય પણ સફર કરવી પડે છે.

# બ્લેક ફંગસની દવા દુનિયામાં જ્યાં પણ મળે, ભારત લાવવામાં આવે



ન્યુ દિલ્હી,

કેન્દ્ર સરકાર બ્લેક ફંગસની દવાઓની કમી દૂર કરવા સતત પ્રયાસ કરી રહી છે. બ્લેક ફંગસની સારવારમાં લિપોસોમલ એન્ફોટેરેસિરિન બી નામના ઈન્જેક્શનનો ઉપયોગ થયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અધિકારીઓને સૂચના આપી છે કે, દુનિયામાં કોઈપણ ખૂણે આ દવા મળે, તો તેને ભારત લાવવામાં આવે. સાથે જ કેન્દ્ર સરકારે પાંચ કંપનીઓને લિપોસોમલ એન્ફોટેરેસિરિન બી બનાવવા માટે લાયસન્સ આપ્યું છે.

પીએમ મોદી સતત બ્લેક ફંગસ અને લિપોસોમલ એન્ફોટેરેસિરિન બીની ઉપલબ્ધતા અંગે ઉચ્ચ અધિકારીઓ સાથે વાત કરી રહ્યાં છે. સરકારી સૂત્રો અનુસાર, પીએમ મોદીએ અધિકારીઓને સ્પષ્ટ રીતે કહી દીધું છે કે દુનિયામાં કોઈપણ દેશમાં આ દવા મળે, તેને તરત ભારત લાવવામાં આવે. આ માટે દુનિયાભરમાં રહેલા ભારતીય દૂતાવાસોની મદદ લેવાઈ રહી છે. ભારતીય દૂતાવાસ જે-તે દેશમાં લિપોસોમલ એન્ફોટેરેસિરિન બીની શોધ કરી રહ્યાં છે.

ઉલ્લેખનીય છે કે, અમેરિકાની ગલિયડ સાયન્સિસ નામની કંપની આ મામલે મદદ કરી રહી છે. આ કંપની ભારતને રેમડેસિવિર પણ ઉપલબ્ધ કરાવે છે. હવે તે લિપોસોમલ એન્ફોટેરેસિરિન બી પણ ભારતને ઉપલબ્ધ કરાવી રહી છે. અત્યાર સુધી ૧,૨૧,૦૦૦ વાયલ અથવા શીશી ભારત મોકલવામાં આવી છે. આગામી સમયમાં ૮૫,૦૦૦ વાયલ પહોંચશે. કહેવાઈ રહ્યું છે કે, ગલિયડ સાયન્સિસે માયલન દ્વારા ભારતમાં લિપોસોમલ એન્ફોટેરેસિરિન બીના ૧૦ લાખ ડોઝ મોકલવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

## દૈનિક રાશીફળ
**તા.૨૮.૦૫.૨૦૨૧ શુક્રવાર**

મેષ (અ.લ.ઈ.):- આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. બહાર કોઈ ચીજ ખરીદવા દોડવાને બદલે તમારી પાસે જે હો તેનો ઉપયોગ પહેલા કરો. મિત્રો તમને એક યાદગાર સાંજ માટે તેમના ઘરે બોલાવશે. રૉમેન્ટિક પગલાં કામ નહીં આવે.

વૃષભ(બ.વ.ઉ.):- એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. સમય અને ધન ની કિંમત કરતા શીખો નહીંતર આવનારા સમય માં તમને તકલીફ પડી શકે છે. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે.

મિથુન(ક.છ.ઘ.):- આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

કર્ક(ડ.હ.):- વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. રૉમેન્ટિક યાદો તમારા દિવસ પર કબજો જમાવશે.

સિંહ(મ.ટ.):- મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો.

કન્યા(પ.ઠ.ણ.):- તમારા પરિવાર સાથે વધુ સમય વિતાવી એકલાપણાની લાગણીથી મુક્ત થાવ. જે લોકો ટેક્સ ચોરી કરે છે તે લોકો આજે મોટી મુશ્કેલી માં ફસાઈ શકે છે. તેથી તમને સલાહ આપવા માં આવે છે કે ટેક્સ ચોરી ના કરો.

તુલા(ર.ત.):- સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે. તમારા પ્રિયપાત્ર સાથે બહાર જતા હો ત્યારે દેખાવ અને વર્તનમાં તમે જેવા છો એવા જ રહો.

વૃશ્ચિક(ન.ય.):- તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી-કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. આ વાત સારી રીતે સમજી લો કે દુઃખ ના સમય માં સંચિત ધન જ કામ માં આવશે તેથી આજ ના દિવસ થી પોતાનો ધન સંચય કરવા નો વિચાર બનાવો.

ધન(ભ.ધ.ફ.ઢ.):- આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે.

મકર(ખ.જ.):- તમારૂં ઝઘડાખોર વર્તન તમારા શત્રુઓની યાદીમાં વધારો કરશે. કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પસ્તાવો તમને પછીથી થાય. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવાની પુરી શક્યતા છે.

કુંભ(ગ.શ.સ.):- અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો. ચિંતાની ગેરહાજરી આ દિશામાં પ્રથમ પગલું છે. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે. તમારે તમારો ફાજલ સ્ય[redacted]સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે[redacted]મિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો [redacted]

મીન(દ.ચ.ઝ.):- દિવસ ની શરૂઅ[redacted]અને ધ્યાન થી કરી શકો છો આવું કરવું તમારા માટે [redacted]રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે। તમારી રચ[redacted]ાનો યોગ્ય ઉપયોગ લેવાશે તો તે ખૂબ જ આકર્ષક સ[redacted]

# દાહોદ જીલ્લામાં આજરોજ કોરોનાના ૧૧ પોઝીટીવ કેસ નોંધાયા




| દાહોદમાં કોરોનાના કેસની સંખ્યા |
|---|
| : અર્બન વિસ્તારો : |
| દાહોદ-૦૧ |
| : ગ્રામ્ય વિસ્તારોમાં : |
| ઝાલોદ-03 |
| લીમખેડા-૦૨ |
| સીંગવડ-૦૨ |
| ફતેપુરા-03 |

દાહોદ,

દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણના કેસો છેલ્લા કેટલાંક દિવસોથી સદંતર ઘટાડો જોવા મળી રહ્યો છે. જેને પગલે જિલ્લાવાસીઓ સહિત આરોગ્ય તંત્રએ રાહત અનુભવી છે. આજે દાહોદ જિલ્લામાં ૧૧ કોરોના પોઝીટીવ દર્દીઓ નોંધાયાં છે. આર.ટી.પી.સી.આર.ના ૧૫૫૭ પૈકી ૧૦ અને રેપીટ ટેસ્ટના ૭૦૧ પૈકી ૦૧ મળી આજે કુલ ૧૧ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આ ૧૧ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૧, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૩, લીમખેડામાંથી ૦૨, સીંગવડમાંથી ૦૨ અને ફતેપુરામાંથી ૦૩ કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૩૯ દર્દીઓ કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. કોરોના સંક્રમણના દર્દીઓની સંખ્યામાં ઘટાડો તેમજ સાજા થતાં દર્દીઓની સંખ્યામાં વધારો થતાં એક્ટીવ કેસોની સંખ્યામાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. દાહોદ જિલ્લામાં અત્યાર સુધી ૨૬૧ લોકો સારવાર લઈ રહ્યાં છે. આજે કોરોનાથી શુન્ય મૃત્યુઆંક નોંધાતાં જિલ્લામાં કોરોનાથી કુલ મૃત્યુઆંક ૩૩૭ને પાર થઈ ચુંક્યો છે.

# દાહોદના ખરેડી અને ગલાલીયાવાડવિસ્તારમાં કડાણા પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાતા પાણી ફરી વળતાં ઉભા પાકને નુકશાન





તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ તાલુકાના ખરેડી અને ગલાલીયાવાડ વિસ્તારમાંથી નીકળતી કડાણા પાણીની પાઈપ લાઈનમાં ભંગાણ, લીકેજ સર્જાતાં આ પાણીનો મારો આસપાસનાં સેંકડો એકર જમીનમાં આ પાણી ફરી વળતાં પાકને ભારે નુકસાન થયું હોવાનું સ્થાનીક ખેતરોના માલિકો દ્વારા જણાવવામાં આવ્યું છે. લગભગ લાખ્ખોનું નુકસાન થતાં ખેડુતો દ્વારા આ નુકસાનની ભરપાઈ સરકાર દ્વારા કરવામાં આવે તેવી આક્રોશ સાથે માંગણી પણ કરી છે.

દાહોદ તાલુકાના ઘણા ગામોમાં અવાર નવાર અને ભુતકાળમાં પણ કડાણાની પાઈપ લાઈનમાં લીકેજ સહિત ભંગાણ સર્જાતાં ખેતરોમાં પાણી ભરાઈ જતાં પાકને ભારે નુકસાન થયું હતું. અવાર નવાર આવી સમસ્યાથી દાહોદ તાલુકાના ગ્રામીણ વિસ્તારો ખુબજ પરેશાન થઈ ગયાં છે. ત્યારે આવીજ ઘટના ફરીવાર આજે બનતા ધરતીપુત્રોમાં ખુબજ રોષની લાગણી વ્યાપી જવા પામી છે. દાહોદ તાલુકાના ખરેડી અને ગલાલીયાવાડ વિસ્તારમાંથી પસાર થઈ રહેલ કડાણા પાણીની પાઈપ લાઈનમાં ગઈકાલથી લીકેજ અથવા પાણીની પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાયું હતું.પાણીનો મારો આસપાસના ખેતરોમાં ફરી વળ્યો છે. જેને પગલે પાકને ભારે નુકસાન થયું હોવાનું પણ સ્થાનીક ખેડુતો દ્વારા જણાવાયું છે. ગઈકાલથી સ્થાનીક લોકો દ્વારા સંલગ્ન તંત્રને આ બાબતની જાણ કરવા છતાંય કોઈ ઉચ્ચ અધિકારી કે તેમના કર્મચારીઓ સ્થળ પર જોવા મળ્યાં નથી અને હાલ પણ આ પાણી વહેતુ જોવા મળી રહ્યું છે. કોઈ પ્રકારની હાલ પણ કામગીરી કરવામાં આવી નથી અને ભંગાણ અથવા લીકેજનું રીપેરીંગ કામ પણ હાલ કરવામાં ન આવતાં સતત પાણી વહેતુ રહે છે. સ્થાનીકોના જણાવ્યાં અનુસાર, ૧૫ કલાકથી વધારે સમય વીતી ગયો છે. પાણી સતત વહેતું રહે છે. ઉપલા અધિકારી દ્વારા હાલ સુધી કોઈ કાર્યવાહી હાથ ધરાઈ નથી. ૧૨૦૦ એકર જેટલી જમીન પાણીના મારાથી પલળી ગઈ છે. નીચળવાળા વિસ્તારોમાં આવેલ રહેણાંક મકાનોમાં આ પાણી ઘુસવાની સંભાવનાઓ પણ વ્યકત કરાઈ રહી છે. તાત્કાલિક ધોરણે આ લીકેજ બંધ કરવામાં આવે તેમજ નુકસાનનું ભરપાઈ કરવામાં આવે તેવી લાગણી અને માંગણી પણ સ્થાનીકોમાં ઉઠવા પામી છે.

# દાહોદમાં બે ચક્રીય વાહનો માટે પસંદગીના નંબરની ફાળવણી માટે હરાજી યોજાશે

દાહોદ,

દાહોદની સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી બે ચક્રીય વાહનો માટે પસંદગીના નંબરની ફાળવણી માટે ઓનલાઈન હરાજી (ઓક્સન) યોજાશે. ટુ વ્હીલર મોટર સાયકલ- બે ચક્રીય વાહનો માટેની GJ20AS સીરીઝમાં ગોલ્ડન અને સીલ્વર નંબર માટે આ હરાજી યોજાશે. નંબર તથા ભરવાપાત્ર ફીની માહિતી http:// parivahan.gov.in સાઈટ પરથી મળી રહેશે. ઈચ્છુક વાહનમાલિકો સીએનએ ફોર્મ ભરીને ભાગ લઈ શકશે. ઓક્સનમાં ભાગ લેવા માટે આગામી તા. ૧ થી ૬ જુન દરમિયાન ઓકસન માટે http:// parivahan.gov.in લિંક મારફતે વાહન-૪ સોફ્ટવેર એપ્લીકેશન કરવાની રહેશે. ત્યાર બાદ તા. ૭ જુનથી તા. ૯ જુનના રોજ ઓક્સન માટેનું બીડીગ ઓપન થશે અને તા. ૧૦ જુનના રોજ ફોર્મ ૨ વાગ્યા સુધીમાં જમા કરાવવાના રહેશે. તેમજ ૧૦ જુનના રોજ બપોરે ૪ વાગે ઓપન થશે. અરજદારોને વાહન ખરીદ કર્યા તારીખથી (સેલ લેટર અથવા ઈન્સ્યોરન્સની તારીખ) સાત દિવસની અંદર સીએનએ ફોર્મ ભરેલું હોવું જોઈએ. વેલીડ સીએનએ ફોર્મ રજૂ નહી કરનાર અરજદારને હરાજીમાં નિષ્ફળ જાહેર કરવામાં આવશે.

હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયાના ૫ દિવસમાં નાણાં જમા કરાવવાના રહેશે. અરજદાર જો આ નિયત સમયમર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો જે તે નંબર માટે મૂળ ભરેલી રકમ જપ્ત કરી જે તે નંબરની હરાજી કરવામાં આવશે. ઓનલાઈન ઓકસન દરમ્યાન અરજદારે આરબીઆઈ દ્વારા નક્કી કરેલા ચાર્જ ચૂકવવાના રહેશે. વાહનના સેલ લેટરમાં સેલ તારીખથી સીએનએ ફોર્મ ભર્યા બાદ ૬૦ દિવસનાં અંદરના જ અરજદારો હરાજીમાં ભાગ લેવા અરજી કરી શકશે. સમય બહારની અરજીઓ રદ કરવામાં આવશે તેમ એક યાદીમાં સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, દાહોદે જણાવ્યું છે.

## ફતેપુરાના મારગાળા ગામે પતિ અને સાસરીયાના ત્રાસ થી કંટાળી પરણિતાએ ફરિયાદ નોંધાવી

ફતેપુરા,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના મારગાળા ગામે એક પરણિતાને પતિ તથા સાસરીયાઓ દ્વારા દહેજની માંગણી કરી તેમજ મેણા ટોણા મારી શારિરીક અને માનસીક ત્રાસ આપતાં આવા અમાનુષી ત્રાસથી બાજ આવેલ પરણિતાએ પતિ તથા સાસરીયાઓ વિરૂધ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવ્યાનું જાણવા મળે છે. મારગાળા ગામે રહેતી કૈલાશબેન અનીલભાઈ ભાભોરના લગ્ન આજથી સાત વર્ષ અગાઉ મારગાળા ગામે રહેતાં અનીલભાઈ સુર્યકાન્તભાઈ ભાભોર સાથે સમાજના રીતી રિવાજ મુજબ થયાં હતાં. લગ્નના થોડા સમય સુધી કૈલાશબેનને સારૂ રાખ્યા બાદ પતિ તથા સાસરીયાઓનું પોત પ્રકાશ્યું હતું અને પતિ અનીલભાઈ સાસરીપક્ષના સુર્યકાન્તભાઈ વિરસીંગભાઈ ભાભોર, દક્ષાબેન સુર્યકાન્તભાઈ ભાભોર, અજયભાઈ સુર્યકાન્તભાઈ ભાભોર, બ્રિજેશભાઈ સુર્યકાન્તભાઈ ભાભોરનાઓએ અવાર નવાર કૈલાશબેનને મેણા ટોણા મારી કહેતાં હતાં કે, તું કાળી છે, ઉંમરમાં મોટી છે, તું અમને ગમતી નથી, તને ઘરનું કામકાજ બરાબર આવડતું નથી, મારે બીજી પત્નિ લાવવાની છે, અમારે તને રાખવી નથી, તું તારા પિતાના ઘરે જતી રહે અને અમારા ઘરે આવવું હોય તો તારા પિતાના ત્યાંથી પાંચ લાખ રૂપીયા લઈ આવ, તેમ કહી અવાર નવાર શારિરીક અને માનસીક ત્રાસ આપી મેણા ટોણા મારતાં હતાં. આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ પરણિતા કૈલાશબેન અનીલભાઈ ભાભોરે પોતાના પતિ તથા સાસરીયાઓ વિરૂધ્ધ દાહોદ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ધાનપુરના ઝાબુ ગામે ચાર ઈસમોએ બે ભાઈનું અપહરણ બાઈકની લુંટ કરી નાશી જતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના ઝાબુ ગામે ચાર જેટલા ઈસમોએ બે ભાઈઓને અગમ્ય કારણોસર ગડદાપાટ્ટુનો માર મારી એકનું અપહરણ કરી લઈ તેમજ એકની મોટરસાઈકલની લુંટ કરી નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે. ઝાબુ ગામે રહેતાં કનુભાઈ બચુભાઈ બારીયા, મુકેશભાઈ બચુભાઈ બારીયા, મુસ્પતભાઈ બચુભાઈ બારીયા અને મનુભાઈ નબળાભાઈ બારીયાનોએ ગત તા.૨૩મી મેના રોજ ગરબાડા તાલુકાના છરછોડા ગામે વેડ ફળિયામાં રહેતાં દશરથભાઈ નગજીભાઈ ભાભોર અને જેસનભાઈ નગજીભાઈ ભાભોરને ઝાબુ ગામે રોકી બંન્નેને ગડદાપાટ્ટુનો માર માર્યો હતો અને જેસનભાઈની મોટરસાઈકલની લુંટ ચલાવી બંન્ને જણા નાસી જતાં આ સંબંધે ઈજાગ્રસ્ત દશરથભાઈ નગજીભાઈ ભાભોરે ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સંજેલી ગૌચરની જમીનમાં નદીની ગ્રેવલ થી બાંધકામ કરાતા આશ્ચર્ય




- દાહોદ જિલ્લા સહિત ઉચ્ચકક્ષાએ વારંવાર રજુઆત કરવા છતાં પણ કાર્યવાહી ન થતાં હાઈકોર્ટનાં દ્વાર ખખડાવ્યાં.
- માપણી વિનાજ કામગીરી શરૂ કરાતા બિલાડીને ખીરની ચોકીદારી.

સંજેલી,

દાહોદ જિલ્લામા સરકારી કામો હોય કે પછી સરકારી જમીનો હોય કે પછી ગૌચર જમીન હોય તમામ કાર્યમાં ક્યાંક ક્યાંક તો ભ્રષ્ટાચારની બૂ આવી જ જાય આવો જ કિસ્સો દાહોદ જિલ્લાના સંજેલીમાં બહાર આવ્યો છે. સંજેલી ગૌચરની જમીનમાં નદીની ગ્રેવલ થી બાંધકામ કરાતા આશ્ચર્ય.

સંજેલી ખાતે આવેલ ગૌચરની જમીનમાં સરપંચ દ્વારા થયેલ દબાણ દુર કરી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ સાથે અરજદારે તબક્કાવાર કલેકટર ડીડીઓ ને લેખિત મોખિત રજૂઆતો કરવા છતા પણ કાર્યવાહી ન કરાતાં હાઈકોર્ટનાં દ્વાર ખખડાવતા કાયદેસરની કાર્યવાહીનો હુકમ કરાતા ટીડીઓ એ સરપંચને ગંભીર નોંધ લઈ નોટીસ ફટકારી હતી. જે બાદ પણ સરપંચ નોટીસને ઘોળીને પી જઈ માપણી કર્યા વિના જ નદીની ગ્રેવલનો ભરપૂર ઉપયોગ કરી કામગીરી કરાતાં બિલાડીને ખીરની ચોકીદારી જેવો ઘાટ સર્જાયો છે. રજુઆત કરાતા જ ડીડીઓએ તાત્કાલીક કામ બંધ કરાવ્યું છે. જયારે સરપંચનુ મંજુરી મેળવ્યા હોવાનું રટણ.

સંજેલી ખાતે આવેલી માંડલી રોડ પરની ગૌચરની જમીનમાં સરપંચ સહિતના થયેલા દબાણો દુર કરવા ગામના જાગૃત નાગરિક જશવંતસિંહ દલપતસિંહ ચૌહાણ તાલુકા જિલ્લા સહિત ઉચ્ચકક્ષાએ વારંવાર રજુઆત કરવા છતાં પણ કાર્યવાહી ન થતાં હાઈકોર્ટનાં દ્વાર ખખડાવ્યાં હતાં. હાઈકોર્ટે કાયદેસરની કાર્યવાહી કરવાનો હુકમ કરાતા. તંત્રમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. તાલુકા વિકાસ અધિકારી દ્વારા તારીખ ૬- ૪ -૨૦૨૧ ના રોજ સંજેલી ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીને ૧૯૯૩ ધારા નીતિ નિયમો મુજબની ગંભીર નોંધ લઈ સરપંચ દ્વારા સર્વે નંબર ૧૧૭ માં થયેલું દબાણો દૂર કે માપણી કર્યા વિના જ ખુલ્લી જમીનમાં અન્ય કોઈ દબાણ ન કરે તેવા આશયથી ગૌચરમાં થયેલા દબાણો દુર કર્યા વિના કે માપણી કર્યા વિના જ જિલ્લા કક્ષાના રાષ્ટ્રીય પર્વની ૨૦ લાખની ફાળવેલી ગ્રાન્ટની સગેવગે કરવા માટે તેમજ ગૌચરની જમીનમાં થયેલ દબાણો વિવાદ ડાયવર્ટ કરવા નદીની ગ્રેવલનો ભરપૂર ઉપયોગ કરી હલકી તેમજ નિમ્ન કક્ષાની અધવચ્ચે જ દબાણ તેમજ ૧૪માં નાણાપંચમાં ગેરરીતી બાબતની દિન ૩ માં યોગ્ય કાર્યવાહી કરી અહેવાલ રજુ કરવા માટેની ગંભીર નોંધ લઈ નોટીસ ફટકારવામાં આવી હતી. તેમ છતાં પણ યોગ્ય કાર્યવાહી કરવાને બદલે નોટીસને ઘોળી ને પી જઈ નવિન બસ સ્ટેશનના બાંધકામની સાથે સાથે ભરપૂર લાભ ઉઠાવી સરપંચ દ્વારા ગૌચરની જમીનમાં થયેલા સંરક્ષણ દિવાલની કામગીરી શરૂ કરવામાં આવતાં તાલુકા વિકાસ અધિકારી એ તાત્કાલિક કામ બંધ કરાવ્યું હતું. જેની વાત વાયુવેગે ગામમાં પ્રસરતા લોકોમાં ચારેકોર ચર્ચાએ જોર પકડયું છે.

# દાહોદમાં ઈન્દોર-અમદાવાદ હાઈવે રોડ ઉપર પોલીસે માસ્ક વગરના વાહન ચાલકોને રોકી દંડ ફટકાર્યો




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરના ગોધરા રોડ, ઈન્દૌર અમદાવાદ હાઈવે ખાતે આજે પોલીસે ધામા નાંખી ત્યાંથી પસાર થઈ રહેલા માસ્ક વગરના વાહન ચાલકો અને રાહદારીને રોકી સ્થળ પરજ દંડનીય કાર્યવાહી કરતાં માસ્ક વગર ફરતાં લોકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

દાહોદ જિલ્લામાં છેલ્લા કેટલાંક દિવસોથી કોરોના સંક્રમણના કેસોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. જેને પગલે વહીવટી તંત્ર અને જિલ્લાવાસીઓએ રાહત અનુભવી છે પરંતુ જાણે કોરોના ફરી આવશે જ નહીં હવે કોરોના જતો રહ્યો જેવા આભાસ સાથે કેટલાંક બેજવાબદાર લોકો માસ્ક વગર ફરતાં જોવા મળી રહ્યાં છે. દાહોદ શહેરમાં માસ્ક વગર ફરતાં લોકો ઘણા જોવા મળી રહ્યાં છે. ત્યારે ખાસ કરીને હાઈવ રોડ પરથી પસાર થઈ રહેલા વાહન ચાલકો અને રાહદારીઓ માસ્ક વગર જોવાતાં આજરોજ દાહોદ પોલીસે દ્વારા ગોધરા રોડ, અમદાવાદ ઈન્દૌર હાઈવે ઉપર ધામા નાંખ્યા હતાં અને ત્યાંથી માસ્ક વગર પસાર થઈ રહેલા રોકોને રોકી સ્થળ પરજ દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી. સ્થળ પરજ દંડની પહોંચ આપવામાં આવી હતી. કેટલાંક વાહન ચાલકોની વાહનો પણ ડીટેઈન કરવામાં આવ્યાં હતાં.

## દેવગઢબારીયાના અંતેલા ગામેથી કડાણા જળાશય આધારિત ઉદ્વહન સિંચાઈ યોજનાનું ખાતમુહૂર્ત



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દાહોદ,

દાહોદ જિલ્લામાં કડાણા ડેમ માંથી સિંચાઈ માટે દરેક ગામડામાં પાણી પૂરું પાડવા માટે સરકારની કરોડો રૂપિયાની ગ્રાન્ટ દાહોદ ની જનતાના વિકાસ માટે ફાળવવા માં આવી છે. જેમાં દેવગઢબારીયા તાલુકાના અંતેલા ગામે થી આજરોજ રાજયમંત્રી બચુભાઈ ખાબડ એ દાહોદ જિલ્લાના લીમખેડા, સંજેલી, ધાનપુર, સીંગવડ અને દેવગઢબારીયા આમ પાંચ તાલુકાની ઉદ્વહન સિંચાઈ યોજના નું શાસ્ત્રોક્તવિધિ થી ખાતમુહૂર્ત કર્યું હતું. આ ખાસ પ્રસંગે અંતેલા ગામના સરપંચ, રૂવાબારી જિલ્લા સદસ્ય, મોટીખજુરી સરપંચ બચુભાઈ પટેલ, ભાજપા પાર્ટી પ્રમુખ મુકેશ પટેલ, પંચેલા સરપંચ ભરત ભરવાડ, અંતેલાના વરિષ્ઠ આગેવાન જુવાનસિંહ, સહીત આજુબાજુ ના ગામડાના સરપંચો, આગેવાનો હાજર રહ્યા હતા.

રાજયમંત્રી ખાબડે પોતાના પ્રાસંગીક વક્તવ્યમાં જણાવ્યું હતું કે, સિંચાઈની સુવિધા મળવાથી દરેક ગામડાનો ખેડૂત ખેતીવાડી કરી પોતાનું જીવનધોરણ ઉંચુ લાવશે. કોઈપણ ખેડૂતોને ખાવા માટે અનાજ વેચાતું નહીં લાવવું પડે. શાકભાજી પકવી રોજેરોજ આવક મેળવી શકશે. તેમને આ સિંચાઈ યોજના વિશે વધુ માહિતી આપી જણાવ્યું હતું કે, કડાણા જળાશય આધારિત આ ઉદ્વહન સિંચાઈ યોજનામાં દેવગઢબારીયાના ૪૪ તળાવો સહિત ૭૪ જેટલાં તળાવોમાં આ સિંચાઈ યોજનાની પાઈપલાઈન મારફત પાણી ભરવામાં આવશે. સરકારની પેકેજ -૧ યોજનામાં સીંગવડ તાલુકાના ૦૫ તળાવમાં પાણી ભરવાથી ૬૫૦ હેક્ટર જમીન, લીમખેડાના ૦૪ તળાવ ની ૧૧૦ હેકટર જમીન, અને દેવગઢબારીયાના ૨૦ તળાવ ની ૮૯૦ હેક્ટર જમીનના ખેડૂતોને સિંચાઈનો લાભ મળશે. જ્યારે પેકેજ-૨માં ધાનપુર તાલુકાના ૧૮ તળાવની ૧૦૦૦ હેક્ટર જમીન અને દેવગઢબારીયા તાલુકાના ૨૨ તળાવની ૧૨૫૦ હેક્ટર જમીનમાં ખેડૂતોને સિંચાઈ યોજનાનો લાભ મળશે.

આમ દાહોદ જિલ્લામાં આજે કડાણા જળાશય આધારિત ઉદ્વહન સિંચાઈ યોજનાનું દેવગઢબારીયા તાલુકાના અંતેલા ગામે થી ખાતમુહૂર્ત રાજ્યમંત્રી ખાબડના હસ્તે કરાયું હતું.

## ગરબાડા તાલુકાના પાંચવાડા ગામે આઈસર ટેમ્પોએ બાઈક ચાલકને અડફેટમાં લેતાં બાઈક ચાલકનું મોત

ગરબાડા,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના પાંચવાડા ગામે એક આઈસર ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી એક મોટરસાઈકલ ચાલકને અડફેટમાં લેતાં મોટરસાઈકલના ચાલકે શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેનું મોત નીપજ્યાનું જાણવા મળે છે.

દાહોદ તાલુકાના મોટી ખરજ ગામે નળ ફળિયામાં રહેતાં ૪૫ વર્ષીય મુકેશચંદ્ર દેવચંદભાઈ દેવળ ગત તા.૨૫મી મેના રોજ પોતાના કબજાની મોટરસાઈકલ લઈ પાંચવાડા ગામેથી પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન ત્યાંથી એક આઈસર ફોર વ્હીલર ગાડીનો ચાલક પોતાના કબજાની ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી પસાર થઈ રહ્યો હતો અને મુકેશચંદ્રની મોટરસાઈકલને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં મુકેશચંદ્રભાઈ મોટરસાઈકલ સાથે જમીન પર ફંગોળાયાં હતાં અને જેને પગલે તેઓને શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેઓનુ મોત નીપજ્યું હતું.

આ સંબંધે મોટીખરજ ગામે નળ ફળિયામાં રહેતાં રમણભાઈ શકરાભાઈ દેવળે ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## દે.બારીયાના રેઢાણા ગામની સગીરાને લગ્ન કરવાના ઈરાદે ભગાડી જતાં ફરિયાદ

દે.બારીઆ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના રેઢાણા ગામેથી એક ૧૫ વર્ષીય સગીરાને એક યુવકે પત્નિ તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

રેઢાણા ગામે વાંદર ફળિયામાં રહેતો ભુરા ઉર્ફે નાનાભાઈ ફતેસીંગભાઈ કોળીએ ગત તા.૧૦મી મેના રોજ દેવગઢ બારીઆ તાલુકામાં રહેતી એક ૧૫ સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પટાવી ફોસલાવી, પત્નિ તરીકે રાખવાના ઈરાદે અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 234

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## શહેરામાં સસ્તા અનાજની દુકાનમાં આપવામાં આવતા

# સરકારી ચોખાના જથ્થામાંથી પ્લાસ્ટીકના ચોખા નિકળતા ફરિયાદ






તસ્વીર : તુષાર દરજી, શહેરા

- મામલતદારે તપાસ કરી ચોખાનો જથ્થો ગોડાઉનમા પરત મોકલાયો.
- પુરવઠા અધિકારીએ પ્લાસ્ટીક ચોખાની વાત નકારી ફોર્ટીફાઈડ ચોખા હોવાનું જણાવ્યું.
- તંત્ર દ્વારા ચોખા પોષણ યુકત હોવાનું રટણ ચલાવ્યું.

શહેરા, પંચમહાલ જિલ્લાના શહેરા નગરમાં આવેલ ત્રણ નંબરની સસ્તા અનાજની દુકાનમાંથી આપવામાં આવેલ સરકારી ચોખાના જથ્થામાંથી પલાસ્ટીકના ચોખા નિકળ્યા હોવાની કાર્ડધારક દ્વારા ફરિયાદ કરવામાં આવતા શહેરા મામલતદાર દ્વારા આ દુકાન ખાતે રાખવામાં આવેલ તમામ ચોખાના જથ્થાને સરકારી ગોડાઉન ખાતે પરત મોકલી આપ્યો હતો. તો બીજી તરફ સમગ્ર મામલે જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા પ્લાસ્ટીકના ચોખા હોવાની વાતને નકારીને સરકાર દ્વારા આપવામાં આવતો ફોર્ટીફાઈડ ચોખાના દાણા હોવાનું જણાવ્યું હતું.

શહેરા ખાતે આવેલ શહેરા અર્થક્ષમ સેવા સહકારી મંડળીની શાખા ૩ પરથી કાર્ડ ધારકને સરકાર દ્વારા આપવામાં આવતા જાહેર વિતરણનો અનાજનો જથ્થો આપવામાં આવ્યો હતો. આપવામાં આવેલા ચોખાના જથ્થામાં પ્લાસ્ટિકના ચોખા હોવાની ફરિયાદ કાર્ડધારક દ્વારા મામલતદારને કરવામાં આવી હતી. તો બીજી તરફ શહેરા મામલતદારને આજ પ્રકારની ખાનગી રાહે બાતમી પણ મળી હતી. જે આધારે મામલતદાર દ્વારા આ સસ્તા અનાજની દુકાન પર રાખવામાં આવેલ ચોખાનો ૭૦૦ કિલો ઉપરાંતનો જથ્થો પરત સરકારી ગોડાઉન ખાતે મોકલી આપવામાં આવ્યો હતો. સમગ્ર મામલાની તપાસ પુરવઠા નિગમ તેમજ જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી હતી. જિલ્લા પુરવઠા નિગમની ટીમ દ્વારા શહેરા સરકારી ગોડાઉન ખાતે ચોખાના સેમ્પલ મેળવીને તપાસ હાથ ધરવામાં આવી હતી તો બીજી તરફ સરકારી ગોડાઉન ખાતે આવેલા જિલ્લા પુરવઠા અધિકારીએ ખુલાસો કર્યો હતો કે, પ્લાસ્ટિકના ચોખા મળી આવવામાં આવ્યા હોવાની વાત પ્રાથમિક તપાસમાં તથ્ય વિહોણી છે. ચોખાના જથ્થામાંથી મળી આવેલા અલગ રંગના ચોખાના દાણા સરકાર દ્વારા ચોખાને ફોર્ટિફાઇડ કરીને ઉમેરવામાં આવતા હોય છે , ચોખાને વધુ પોષણક્ષમ બનાવવા માટે સરકાર દ્વારા અલગથી બનાવડાવીને ૫૦ કિલોની પબેગમાં ૫૦૦ ગ્રામ ફોર્ટીફાઇડ ચોખા ઉમેરવામાં આવે છે. તેમ છતાં ગાંધીનગર ખાતેથી તપાસ ટીમ શુક્રવારના રોજ શહેરા ખાતે આવી આ ચોખાના જથ્થાની તપાસ કરનાર છે. હાલ તો સસ્તા અનાજની દુકાનના રેશનકાર્ડ ધારકોએ પ્લાસ્ટિકના ચોખા હોવાનો હોબાળો કરેલ તે ચોખાનો જથ્થો પોષણ યુક્ત ચોખા હોવાનુ તંત્ર રટણ કરી રહયું છે.

શહેરાની સસ્તા અનાજની દુકાનમાં મળી આવેલ ચોખા ગુજરાત રાજ્યમાં ગોધરા તાલુકાના ભામૈયા અને આણંદમાં બનતા હોવાનું પુરવઠા વિભાગ માંથી જાણવા મળી રહ્યું હતું.

સરકારી ચોખાના જથ્થામાંથી અલગ રંગના ચોખાના દાણા સરકાર દ્વારા ચોખાને ફોર્ટીફાઈડ કરીને ઉમેરવામાં આવે છે. ૫૦ કિલોની બેગમાં ૫૦૦ ગ્રામ ફોર્ટીફાઈડ ચોખા ઉમેરાય છે.

શહેરાની સસ્તા અનાજની દુકાનમાં પ્લાસ્ટિકના ચોખાના જથ્થાને લઈને રેશનકાર્ડ ધારક એ મામલતદારને ફરિયાદ કરતા પુરવઠા વિભાગ દ્વારા આ મામલે ઝીણવટભરી તપાસના દોર શરૂ કરવામાં આવ્યા હતા. આ ચોખા પ્લાસ્ટિકના નહી પણ પોષણ યુક્ત ચોખા સસ્તા અનાજની દુકાનમાં ફાળવવામાં આવ્યા હોવાનું જણાવ્યુ હતું.

ખાસ કરીને આ ચોખાનો જથ્થો પુરવઠા વિભાગ માંથી મધ્યાહન ભોજન યોજનામાં ફાળવવામાં આવતો હોય છે. પણ આ વખતે શું ભૂલથી સસ્તા અનાજની દુકાનના રેશનકાર્ડ ધારકોને ફાળવવામાં આવ્યો કે શું ? ગાંધીનગરની ટીમ આજે આ મામલે ઝીણવટ ભરી તપાસ કરવા માટે આવનાર છે. ત્યારે તપાસ કર્યા પછી જ ખરી હકીકત જાણી શકાશે તેમ છે.

શહેરા અર્થક્ષમ સેવા સહકારી મંડળીની શાખા-૩ ઉપર રેશનકાર્ડ ઉપર આપવામાં આવેલ ચોખાના જથ્થામાં પ્લાસ્ટીકના ચોખાની ફરિયાદ મામલતદારને કરવામાં આવી હતી. મામલતદાર દ્વારા ૭૦૦ કિલો ઉપરાંતનો ચોખાનો જથ્થો પરત સરકારી ગોડાઉનમાં મોકલી આપ્યો.

# કાલોલના સ્ટેમ્પ વેન્ડર વસીમ અદાની હત્યાના બે આરોપીને LCB પોલીસે ઝડપ્યા



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ, કાલોલ તાલુકાના સમા નર્મદા કેનાલ માંથી ગુમ થયેલ સ્ટેમ્પ વેન્ડરના મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. એલ.સી.બી. પોલીસે શંકાસ્પદ મોબાઈલ નંબરની ટેકનીકલ પદ્ધતિથી તપાસ કરી શકદારનું આશ્રય સ્થાન કેલીધરા, છોટાઉદેપુર હોવાના આધારે ઈસમને ઝડપી પાડી પુછપરછ કરતાં મૃતક તેની પ્રેમીકાને બિભત્સ મેસેજ કરી પરેશાન કરતો હોય જેને લઈ ૨૯ એપ્રિલના રોજ કંજરી ચોકડી ઉપર બોલાવી ગાડીમાં બેસાડીને ગળુ દબાવી હત્યા કર્યાની કબુલાત કરી હતી. હત્યાના ગુનામાં એક સાગરીત સહિત બે ઈસમોની ધરપકડ કરાઈ છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ શિવમ પાર્કમાં રહેતા વસીમ નિસારભાઈ અદા સ્ટેમ્પ વેન્ડરના વ્યવસાય કરતા હોય અને ૨૯ એપ્રિલના રોજ ગુમ થયેલ હતા. ગુમ થયાની ફરિયાદ કાલોલ પોલીસ મથકે નોંધાયેલ હતી. તેવા સ્ટેમ્પ વેન્ડર વસીમ નિસારભાઈ અદાનો મૃતદેહ ૧મેના રોજ સમા નર્મદા કેનાલ માંથી મળી આવતાં અ.મોતની ફરિયાદ નોંધી અને ૧૭૪ મુજબ મરણજનારના મોત અંગેની તપાસ એલ.સી.બી. પોલીસે શરૂ કરી હતી. એલ.સી.બી.પોલીસની તપાસમાં શંકાસ્પદ મોબાઈલ નંબરોની કોલ ડીટેઈલ થી તપાસ કરી હતી. તપાસ દરમ્યાન શકદાર કલ્પેશ પર્વતભાઈ પરમાર રહે.કંજરી તા.હાલોલ અને હાલ કેલીધરા કવાંટ, છોટાઉદેપુર હોવાનું જણાઈ આવ્યું હતું. એલ.સી.બી.પોલીસે કલ્પેશ પર્વતભાઈ પરમારને ઝડપી પાડયો હતો. ઝડપાયેલ ઈસમ કલ્પેશ પરમારની પુછપરછ દરમ્યાન કલ્પેશ પરમારને સરોજબેન રાઠવા સાથે પ્રેમ સંબંધો ધરાવતા હતા અને સરોજ બેના રાઠવાના મોબાઈલ ફોન ઉપર વસીમ સ્ટેમ્પ વેન્ડર ખોટા બિભત્સ મેસેજ કરી પરેશાન કરતો હોય કલ્પેશ પરમાર એ વસીમને મોબાઈલ ઉપર સમજાવતા હતા. વસીમે તું મારી અને સરોજની વચ્ચે પડીશ નહી હું તેના થનાર પતિને વાત કરી લઈશ. તેમ કહેતા કલ્પેશ પરમાર અને તેના મિત્ર અક્ષય ચાવડા સાથે રાખીને સરોજને હેરાન નહિ કરવા સમજાવવાનો પ્રયત્ન કરેલ હતો. ૨૯ એપ્રિલના રોજ વસીમ અદા એ કલ્પેશ પરમારને ફોન કરી હાલોલમાં કંજરી રોડ ઉપર મળવા બોલાવ્યો હતો. આરોપી કલ્પેશ પરમાર તેના મિત્ર અક્ષય ચાવડાને ફોર વ્હીલ ગાડીમાં કંજરી રોડ પહોંચ્યા હતા અને વસીમ અદાને ફોર વ્હીલમાં શાંતિથી બેસીને વાત કરીએ તેમ કહીને કારમાં બેસાડી સરોજને હેરાન નહિ કરવા જણાવેલ હતું. વસીમ અદા એ સરોજના નગ્ન ફોટા વાયરલ કરવાની ધમકી આપતાં કલ્પેશ પરમારે ઉશ્કેરાઈ જઈ બાજુમાં બેઠેલ વસીમ અદાનું ગળું દબાવી બન્ને સીટ વચ્ચે દબાવી ડીસમીસની મૂઠનો ભાગ કપાલ અને છાતીના ભાગે મારી સીટ ઉપર પાથરેલ નેટ વડે વસીમનું ગળું દબાવી રાખેલ જ્યારે અક્ષય ચાવડા એ પાછળ હાથ દબાવી રાખીને વસીમ અદાની હત્યા કરી હતી અને શકિતપુરા ગામ પાસે નર્મદા કેનાલમાં મૃતદેહ ફેંકીને આપઘાતમાં ફેરવવાનો પ્રયાસ કરવા મોટર સાયકલ સ્થળ ઉપર છોડી દીધેલ હતી. એલ.સી.બી. પોલીસે હત્યાના ગુનામાં કલ્પેશ પરમરા અને અક્ષય ચાવડાની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# પંચમહાલ જિલ્લામાં ૧૦૮ સેવાની જેમ આજ રોજ ૧૦૮ દર્દીઓ સાજા થયા

**પંચમહાલ જીલ્લાની આજની કોરોના સ્થિતી**

| : શહેરી વિસ્તાર : |
| --- |
| ગોધરા-૦૪ |
| **: ગ્રામ્ય વિસ્તાર :** |
| ગોધરા - 03 |
| હાલોલ - ૦૧ |
| કાલોલ - ૦૪ |
| ઘોઘંબા - ૦૧ |
| જાંબુઘોડા - ૦૧ |
| શહેરા - ૦૨ |
| સક્રિય કેસ - ૬૯૫ |
| રજા અપાઈ - ૧૦૮ |

ગોધરા, પંચમહાલ જિલ્લામાં કોરોના કેસોમાં આજે ધરખમ ઘટાડો નોંધાતા આજે માત્ર ૧૬ કિસ નોંધાયા છે. જેની સાથે સાથે કોરોના કેસો ઘટવાથી જિલ્લાવાસીઓએ તેમજ જિલ્લા વહીવટી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.ત્યારે કોરોના દર્દીઓ પણ ઝડપથી સાજા થઈ ઘરે પરત ફરી રહ્યા છે. જે એક સુખદ સમાચાર કહી શકાય.

પંચમહાલ જિલ્લામાં આજે ૧૦૮ દર્દીઓ એ કોરોના માત આપી સાજા થયા.પંચમહાલ જિલ્લામાં શહેરી વિસ્તારમાં કોરોના કેસોનો આંક ૫૪૭૪ ઉપર પહોંચ્યો.પંચમહાલ જિલ્લામાં કોરોના કેસોમાં આજ રોજ ગુરૂવારે ધરખમ ઘટાડો નોંધાતા માત્ર ૧૬ દર્દીઓ નોંધાવા પામ્યા હતાં.

પંચમહાલ જિલ્લામાં કોરોનાનો આંક આજ રોજ ૯૪૫૩ ઉપર પહોંચી જવા પામ્યો છે.જેમાં આજે ગુરૂવારે પંચમહાલ જિલ્લામાં કોરોનાના માત્ર ૧૬ કેસ નોંધાવા પામ્યા છે.જેમાં જિલ્લા ના શહેરી વિસ્તારો પૈકી ગોધરા – ૦૪ કેસ નોંધાયા.જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં ગોધરા–૦૩, હાલોલ–૦૧, કાલોલ–૦૪,જાંબુઘોડા–૦૧,ઘોઘબા–૦૧ અને શહેરા–૦૨ એમ મળી કુલ ૧૬ કેસ નોંધાયા છે.ત્યારે આજ રોજ કોરોના ને હરાવી કુલ ૧૦૮ દર્દીઓ સાજા થયા હતા.જે મળી જિલ્લામાં અત્યાર સુધીમાં ૮૫૭૨ દર્દીઓ કોરોના ને પછડાટ આપી સાજા થયા છે.હાલમાં કોરોના ની સારવાર હેઠળ માત્ર ૬૯૫ દર્દીઓ નો સમાવેશ થાય છે.પંચમહાલ જિલ્લામાં શહેરી વિસ્તારોમાં કુલ ૫૪૭૪ કેસ નોંધાયા. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૩૯૭૯ કેસ નોંધાયા.

# કાલોલ તાલુકાની પંચાયતમાં રસીકરણ કેમ્પનું આયોજન કરાયું તલાટી, સરપંચ સહિત અને લોકો એ રસી મુકાવી



કાલોલ, કાલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં હાલ પરિસ્થિતિ મુજબ કોરોનાની બીજી લહેર ઘણી ઘાતક સાબિત થઈ છે. જેમાં તલાટીઓ અને સરપંચો થી માંડી કેટલાય આમ નાગરિકો કોરોનાથી સંક્રમિત થયા છે અને કેટલા લોકોએ જીવ પણ ગુમાવ્યા છે. તે ધ્યાનમાં રાખતા અમલદારો કોરોના થી જગ જીતવા અને લોકોના જીવ બચાવવા અનેક પ્રયાસ કરી રહ્યા છે. આમ જ તાલુકા વિકાસ અમલદાર સેજલબેન સંગાડાએ મોટી શામળદેવી ગ્રામ પંચાયત સુરેલી ગ્રામ પંચાયત અને કાનોડ ગ્રામ પંચાયત તલાટી સરપંચ દ્વારા રસીકરણ કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમાં મોટા પ્રમાણમાં તલાટી સરપંચ સહિત અનેક લોકોએ રસીનો પ્રથમ અને બીજો ડોઝ લઈ પોતાને સુરક્ષિત પ્રદાન વ્યક્ત કર્યું હતું.

# એપેક્ષ લેબોરેટરી કમિશન કાંડ : લેબોરેટરીના સંચાલકોની સંપત્તિની તપાસ થાય તેવી આયકર વિભાગમાં રજૂઆત




ગોધરા, કોરોના વાયરસની ગંભીર બિમારીને લોકો ભારે પરેશાન થઈ રહ્યા છે. અનેક લોકો કોરોના વાયરસના સંક્રમણના ભોગ બન્યા છે. કોરોના મહામારીમાં લોકો આર્થિક રીતે તંગી અનુભવી રહ્યા છે. આવા કપરાકાળમાં તબીબોની સંપતિમાં છેલ્લા એક વર્ષમાં મોટો વધારો થયો છે. તેવી લોકચર્ચાઓ લોકોમાં થઈ રહી છે.

કોરોના મહામારી લોકોને ભલે પરેશાન કર્યા પણ તબીબો માટે જાણે કમાણીનું સાધન બની ગયું છે. ગોધરા નગર પાલિકા રોડ ઉપર આવેલ એપેક્ષ લેબોરેટરીના સંચાલક તબીબો ડૉક્ટર મૌબીન અલવાણી અને ડૉક્ટર ભાવિન શાહ દ્વારા કોરોના મહામારીમાં લોકોના ખીસ્સા હળવા કરવાની તરકીબ અમલમાં મુકવામાં આવી હતી. તેમાં શહેરના ખાનગી હોસ્પિટલ, દવાખાનાના તબીબોને ૪૦ થી ૫૦ % જેટલું તગડું કમીશન આપીને શહેરની અન્ય લેબોરેટરીમાં જતાં દર્દીઓને પોતાની લેબમાં મોકલી આપવાની સ્કીમ મુકવામાં આવી હતી. આવી લોભામણી સ્કીમમાં તબીબો પણ મનાવતા ખુલ્લા હતા અને આવા તક સાધુ લેબોરેટરી સંચાલકોને ત્યાં દર્દીઓના લોહી પરીક્ષણ કરવા મોકલી આપતા હતા અને મુસીબતમાં અટવાયેલા દર્દીઓનું લોહી ચુસીને કોરોના મહામારીના વર્ષમાં કેટલાક નાણા ભેગા કર્યાની તેની તપાસ કરવા માટે આયકર ભવનમાં લેખિત રજુઆત કરાઈ છે. આયકર વિભાગમાં આવી તપાસ માટે રજુઆત કર્યા એ માત્ર એપેક્ષ લેબોરેટરીના સંચાલક તબીબો નહી પરંતુ દર્દીને મોકલનાર તબીબોની સંપતિની તપાસ થાય તેવી માંગ કરવામાં આવી છે.

# શહેરા બસ સ્ટેશન વિસ્તારમાં લોકોને માસ્ક માટે દંડ ફટકારતાં પો.સ.ઇ. માસ્ક નીચે રાખી મોબાઈલ ફોન પણ વાત કરતાં નજરે પડયા



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા પોલીસ દ્વારા બસ સ્ટેશન સહિત અન્ય વિસ્તારમાં માસ્ક નહિ પહરેલ સામે કાર્યવાહી હાથધરી હતી. પી.એસ.આઇ માસ્ક નહિ પહરેલ સામે કાર્યવાહી કરીને નિયમો શીખવાડી રહયા હોય ત્યારે જાહેર માર્ગ ઉપર મોં ઉપર પી.એસ.આઇ. બી.આર. ક્રિશ્ચયન માસ્ક નીચે રાખીને મોબાઈલ પર વાત કરતા નજરે પડયા હતા.

શહેરા પોલીસએ રહી રહીને બસ સ્ટેશન, સિંધી ચોકડી સહિત અન્ય વિસ્તારમાં માસ્ક નહિ પહેરીને ફરતા લોકો સામે કાર્યવાહી હાથધરી હતી. પોલીસ મથકના પી.એસ.આઈ બી.આર. ક્રિશ્ચયન અને બે પી.એસ.આઇ સહિતનો પોલીસ સ્ટાફ બજાર વિસ્તારમાં રાહદારી તેમજ દુકાનોમાં માસ્ક નહિ પહેરેલ હોય તેવા દુકાનદારોને તેમજ ત્યાં કામ કરતા લોકો સામે દંડની કાર્યવાહી કરવા સાથે નિયમોનું પાલન કરવા જણાવી રહ્યા હતા. પોલીસ માસ્ક થોડું નીચે હોય તો સામાન્ય વ્યક્તિ સામે તે સમયે રૂપિયા ૧૦૦૦ સુધીનો દંડ વસૂલ કરી રહયા હતા. ત્યારે જાહેર માર્ગ ઉપર પી.એસ આઈ બી.આર. ક્રિશ્ચયન માસ્ક નાકથી નીચે ઉતારીને બિંદાસ્ત મોબાઈલ પર વાત કરતા નજરે પડ્યા હતા. પોલીસ એક તરફ માસ્ક થોડું નીચે હોય કે મોં ઉપર માસ્ક પહેરેલ નહી હોય તેવા પાંચ થી વધુ લોકોને રૂપિયા ૧૦૦૦સુધીનો દંડ કરીને દંડની પાવતી આપતી હોય બીજી તરફ પી.એસ.આઇ. બી.આર. ક્રિશ્ચયન જાતે તે સમયે બજારમાં નિયમોનું પાલનના કરે તો ચાલે વાહ...રે....પોલીસ વાહ.... પ્રજાજનો માંથી કોઈના ચહેરા ઉપર થોડું માસ્ક નીચે હોય તો પોલીસ કડક કાર્યવાહી સાથે નિયમો સમજાવતા હોય જ્યારે પી.એસ આઈ બી.આર. ક્રિશ્ચયન માસ્ક નીચે રાખે તો તેમના માટે નિયમો નહિ લાગતા હોય કે શું? શહેરામાં પોલીસ એ જ્યારે બજારમાં ભીડભાડ જોવા મળી રહી હતી. ત્યારે કાર્યવાહી કરવામાં આવી નહિ હોવાનું લોકોમાં ચર્ચાઇ રહ્યું છે. ત્યારે પોલીસ તંત્ર દ્વારા નિયમોનું પાલન હાલની પરિસ્થિતિને જોતા કરાવવું તે સારી બાબત કહેવાય પણ જ્યારે પોલીસ મથકના પી.એસ આઈ બી.આર. ક્રિશ્ચયન નિયમોનું પાલન કરવા બીજાને કહેતા હોય અને ત્યારે પોતે જ બજારમાં માસ્ક મોં ઉપર થી નીચે રાખે તે ચાલે જ્યારે બીજી તરફ તેજ સમયે તેમના સાથેનો પોલીસ સ્ટાફ માસ્કને લઈને દંડ કરતો નજરે પડી રહયો હતો. જિલ્લા પોલીસવડા દ્વારા ઉપરોક્ત આ બાબતને કેટલી ગંભીરતાથી લેવામાં આવશે તે જોવુંજ બની રહયુ છે.

# સમયસૂચકતા વાપરી મહિલાનો જીવ બચાવતી ૧૮૧ મહિલા હેલ્પલાઈન અભયમ




ગોધરા, ગોધરા પાસેના એક ગામમાં રહેતા પરણિત મહિલા લીલાબહેન (નામ બદલેલ છે) પોતાના પતિ સાથે અણબનાવ થતા પિયરમાં રહેતા હતા. તેમનો ૪ વર્ષનો દીકરો પિતા પાસે રહે છે. અવારનવાર લીલાબેન મોબાઈલથી દીકરા સાથે વાત કરતા હતા. છેલ્લા કેટલાક દિવસોથી તેઓ દીકરા સાથે વાત કરવા માગતા હતા પરંતુ તેમના પતિ મોબાઈલથી વાત કરાવતા ના હતા. તેમના પતિએ પુત્ર સાથે ફોન પર વાતચીત ન કરવા દેતા લીલાબેનને મનમાં લાગી આવ્યું હતું. તેઓ બેભાન થઈ જતા તેમના પિતાએ ૧૮૧ મહિલા હેલ્પલાઇનમાં કોલ કરી જાણ કરતા અભયમ રેસ્ક્યુ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. તેઓની સાથે વાતચીત કરતા જણાઈ આવ્યું કે તેમણે આવેશમાં આવીને સેનેટાઈઝર જેવું પ્રવાહી પી લીધું છે અને તેમની તબિયત કથળી રહી છે. જેથી સમયસુચકતા વાપરી તેમણે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવામાં જાણ કરી હતી. ૧૦૮ આવતા તાત્કાલિક હોસ્પિટલમાં પહોંચાડી તાત્કાલિક સારવાર મળતા તેમની સ્થિતિ કથળતી અટકી હતી. જેથી તેઓએ ૧૮૧ મહિલા હેલ્પલાઇન અને ૧૦૮ ઈમરજન્સી ટીમનો જીવ બચાવવા બદલ આભાર માન્યો હતો. તેમના પરિવારે અભયમ નો આભાર માન્યો હતો. બહેન હાલમાં સારવાર હેઠળ છે અને તેઓની તબિયત સુધારા હેઠળ છે.